ગાંધીનગર સમાચાર
તા. ૯-૬-૨૦૧૫, મંગળવાર

તંત્રી સ્થાનેથી....

પેપરની સાથે જ સરકારની આબરૂ પણ લીક થઇ છે

છેલ્લાં કેટલાંક વર્ષોથી બીજા રાજયોની સરખામણીમાં ગુજરાતમાં પરીક્ષાચોરી ઓછી થતી હોવાનું આશ્વાસન લઈ શકાતું હતું. પરંતુ તાજેતરમાં લેવાયેલ તલાટી, કારકુન વગેરે માટેની સરકાર દ્વારા લેવાયેલ પરીક્ષાઓએ આપણી આબરૂના માથે છીણી મૂકી દીધી છે. ટેકનોલોજીના યુગમાં પ્રશ્નપત્ર ગોપનીય રાખવું એ ઘણું અઘરું કામ છે. પરંતુ ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા લેવાતી પરીક્ષા હોય કે રાજય પરીક્ષા બોર્ડ દ્વાર લેવાતી શિક્ષકોની ભરતી માટેની પરીક્ષા હોય - એમાં ચતુરાઈપૂર્વક દરેક વિદ્યાર્થીને પ્રશ્નપત્ર એવી રીતે અપાય કે એ ચોરી કરવા ઈચ્છે તો પણ ન કરી શકે. રાજય પરીક્ષા બોર્ડના કાર્યકારી અધ્યક્ષ ઈ.પી. દેસાઈ એમના બોર્ડ દ્વારા લેવાતી 'ટેટ', 'ટાટ' વગેરે પરીક્ષાઓમાં આ પ્રકારની વ્યૂહરચના અપનાવતા રહ્યા છે અને એથી એમની કોઈ પણ પરીક્ષા સામે ફરિયાદ થવા પામેલ નથી. એથી સરકારના શિક્ષણ વિભાગની ઈજ્જત સચવાઈ છે. પરંતુ રાજય સરકારના અન્ય વિભાગો દ્વારા લેવાયેલી પરીક્ષાઓમાં અઢળક ગેરરીતિઓ થતી રહે છે. પીએસઆઈ વગેરેની ભરતી માટે લેવાતી પરીક્ષાઓનાં પેપર લીક કરીને અથવા બીજી રીતરસમો અપનાવીને લાખોની કટકી કરાતી હોવાનું કોઈથી અજાણ્યું નથી રહ્યું. કલ્યાણસિંહ ચંપાતવ જેવા દલાલો પોતે લાખો ઉઘરાવતા રહ્યા છે, અને છેક ઉપર સુધી પહોંચાડતા રહ્યાં છે. છીંડે ચડ્યો તે ચોર - ન્યાયે એકાદ વ્યક્તિ રંગે હાથે ઝડપાઈ ગયો એથી સરકાર ગેરરીતિઓ અટકાવવાનું ગૌરવ લેતી ફરે તે કેટલું ઉચિત છે? દરેક પરીક્ષા વખતે આવા અનેક એજન્ટો સક્રિય બની જતા હોય છે. આવી સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં પાસ થવાની ગેરંટી સાથે મોટી ફી લઈને ટ્યૂશન કલાસો ચલાવનારા બધા દૂધે ધોયેલા છે એમ માનવાની જરુર નથી. જે પાણીએ મગ ચડે એમ હોય તે પાણીએ ચડવવાની વહેવારું તૈયારી સાથે પરિણામલક્ષી જવાબદારી વહોરીને રીતસરનો રોકડિયો વેપાર, માંડનારાઓનો અહીં તોટો નથી. તલાટી, ચીટનીસ, ચીફ ઓફિસર, કલાર્ક, બિન સચિવાલયી કારકુન, ફિમેલ હેલ્થવર્કર, હિસાબનીશ જેવી અનેક જગ્યાઓ માટે સ્પર્ધાત્મક પરીક્ષાઓ યોજાયાને ઘણો લાંબો સમય થઈ ગયા પછી પણ પરિણામો જાહેર કરાયાં નથી, તે સરકારની 'ગુડ ગવર્નન્સ' અને 'પારદર્શક વહીવટ' સામે લાલબત્તી નથી? રાજયનાં શિક્ષણમંત્રી તરીકે વર્તમાન મુખ્યમંત્રીશ્રીએ એસ.એસ.સી અને એચ.એસ.સી. જેવી પાયાની પરીક્ષાઓમાં થતી બેફામ ચોરી અટકાવવા કારગત પગલાં લીધેલાં. પરંતુ મુખ્યમંત્રીની પીઠ પાછળ તંત્રના ભ્રષ્ટ અધિકારીઓ રાજયના લાખો બેકાર નોકરી વાંચ્છુઓ પાસેથી રીતસર કરોડોનાં ઉઘરાણાં કરીને એમને પરીક્ષામાં પ્રશ્નપત્રો પકડાવી દેતા હોય ત્યારે સરકાર કયે મોઢે 'સ્વચ્છ' અને 'પારદર્શક' વહીવટ કરતી હોવાનો દાવો કરી શકે? આગલા દિવસે હિંમતનગર ખાતે તલાટીની પરીક્ષાનું પેપર ફૂટ્યું હોવાના સમાચારની શાહી નહોતી ત્યાં વળતે દિવસે ફિમેલ હેલ્થવર્કસ અને જુનિયર કલાર્ક માટેની પરીક્ષાનું પેપર લીક થતાં સરકારને ચાર ચાર જિલ્લાઓમાં આ પરીક્ષા રજ કરવાની ફરજ પડી છે. લાખોનું આધણ કરીને લેવાતી આવી પરીક્ષા આપનાર ગરીબ અને મધ્યમ વર્ગના વિદ્યાર્થીઓની મહેનત માથે પડી છે. એમના વાલીઓને મુઠ્ઠીભર ભ્રષ્ટ અધિકારીઓ અને લાભાર્થીઓ વચ્ચેની સાંઠગાંઠ મોંઘી પડી ગઈ છે. રાજય પંચાયત સેવા બરતી બોર્ડ દ્વાર લેવાયેલી આ પરીક્ષાઓમાં થયેલા ગોટાળાને કારણે સરકારની વિશ્વસનીયતા સામે જ પ્રશ્નાર્થ ખડો થયેલ છે. 'મેરિટ અને માત્ર મેરિટ' નો આગ્રહ સેવતાં શિક્ષણ મુખ્યમંત્રીએ આ મુદ્દે જવાબદાર અધિકારીઓ - કર્મચારીઓ સામે કડક પગલાં ભરી દાખલો બેસાડવાની જરુર છે.

ઢોલ નગારા વગાડી પ્રવેશોત્સવ યોજવામાં આવ્યો

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ ગાંધીનગર સંચાલિત શ્રી વી.એમ. પટેલ કુમાર અને શ્રીમતી એચ.વી.પટેલ કન્યા બાલમંદિરમાં આજે ભવ્ય પ્રવેશોત્સવ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં નાના ભુલકાઓએ ઢોલ નગારા સાથે પ્રવેશોત્સવના ગીતો ગાતા ગાતા સંસ્થા પરિસરમાં વાલીઓની ઉપસ્થિતિમાં રેલી કાઢી હતી ત્યારબાદ કુમકુમ તિલક દ્વારા તેમનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું. દિપ પ્રાગટય અને તિલક વિધિમાં એજયુકેશન ડીપાર્ટમેન્ટના ડીન શ્રીમતી વીણાબેન પટેલ, શ્રીમતી આર.જી. પટેલ સેકન્ડરી અને હા. સેકન્ડરીના પ્રિન્સીપાલ શ્રીમતી સુધાબેન પટેલ તેમજ બાલમંદિરના કો-ઓર્ડીનેટર શ્રીમતી કિરણબેન પટેલે બાળકોનું ઉમળકાભેર સ્વાગત કર્યું. સંસ્થા પરિવારે સર્વે નાના ભુલકાંઓનું સ્વાગત કર્યું હતું.

નવા ફાર્મસી પ્રેકટીશ-૨૦૧૫ અધિનિયમના અમલથી ફાર્માસિસ્ટની માંગમાં અભૂતપૂર્વ વધારો થશે

ફાર્માસિસ્ટની જવાબદારીઓ વધવા સાથે સેવાઓ ઉત્કૃષ્ઠ બનશે : વિકસિત દેશોની જેમ સમાજમાં ફાર્માસિસ્ટનો પ્રભાવ વધશે : રજીસ્ટ્રેશન નંબર-નેમ પ્લેટવાળા સ્વચ્છ સફેદ એપ્રોનમાં ફાર્માસિસ્ટ દવાનું વિતરણ કરશે : ગેરરીતિ અટકશે

ગાંધીનગર, તા. ૮

કેન્દ્ર સરકાર દ્વારા ફાર્મસી પ્રેકટીસ-૨૦૧૫ અધિનિયમમાં સામેલ જોગવાઈઓના અમલીકરણથી ફાર્માસિસ્ટની માંગમાં અભૂતપૂર્વ વધારો થવાની શક્યતાઓ ઉભી થઈ છે. ગુજરાત સ્ટેટ ફાર્મસી કાઉન્સિલના અંદાજ મુજબ આગામી સમયમાં વર્ષે ૧૦ હજાર નવા ફાર્માસિસ્ટની જરૂરિયાત ઉભી થાય તેમ છે. આ સાથે આ અધિનિયમના અમલીકરમથી ફાર્માસિસ્ટની સેવાઓ વધુ ઉત્કૃષ્ઠ બનશે અને સમાજમાં ફાર્માસિસ્ટનો પ્રભાવ વધશે.

નવા ફાર્મસી પ્રેકટીશ-૨૦૧૫ અધિનિયમના અમલીકરણથી અમેરિકા-યુકે જેવા વિકસિત દેશોમાં પ્રવર્તમાન ફાર્માસિસ્ટના કાર્ય તથા પ્રભાવની હવે ભારતમાં પણ શરૂઆત થશે. નવા અધિનિયમ મુજબ ફાર્માસિસ્ટે દવાની દુકાનમાં રજીસ્ટ્રેશન નંબર, ફોટો, લાયકાત વગેરે સાથે પ્રદર્શિત કરવાની સાથે નંબર સાથેની નેમ પ્લેટવાળો સ્વચ્છ સફેદ એપ્રોન ધારણ કરી દરેક બીલ પર ફરજિયાત સહી સિક્કો કરવાનો રહે. ફાર્માસિસ્ટે પાંચ વર્ષના ગાળામાં ફાર્મસીના એક એક દિવસના બે રીફ્રેશર કોર્ષ કરવાના રહેશે. તેમજ હવે કોઈપણ ફાર્માસિસ્ટ ૨ વર્ષના કોર્ષ પછી રજીસ્ટર્ડ પ્રેકટીસ ફાર્માસિસ્ટ તરીકે હોસ્પિટલ તથા દવાના વિતરણ સ્થળે દર્દીઓનું કાઉન્સેલીંગ તથા પ્રિસ્ક્રિપ્શનની ખરાઈ પણ કરી શકશે. આ કારણે કોમ્યુનિટી ફાર્માસિસ્ટ, હોસ્પિટલ ફાર્માસિસ્ય, ફાર્માસ્યુટીકલ કંપની, દવાની દુકાન તથા સરકારી ફાર્માસિસ્ટ તરીકેની નોકરીની તકોને કારણે વર્ષે ૧૦ હજારથી વધુ ફાર્માસિસ્ટની જરૂરિયાત ઉભી થશે. કોઈપણ રજીસ્ટર્ડ ફાર્માસિસ્ટ પોતાનું લાયસન્સ એક કરતા વધુ જગ્યાએ ઉપયોગ કરી શકશે નહી.

નવા એક્ટ મુજબ હોસ્પિટલ ફાર્માસિસ્ટ દર્દીનો રેકર્ડ તથા પ્રિસ્ક્રીપ્શન ચકાસી ડોક્ટરની ભુલ હોય તો ધ્યાને લાવી દર્દીના જીવન બચાવવા વપરાતી દવાની આડઅસર ઓછી કરી શકશે. દર્દી માટે લખેલા દવાના પ્રિસ્ક્રીપ્શનમાં દવાનું પ્રમાણ, દવા આપવાની પદ્ધતિ, દર્દીની પરિસ્થિતિ પ્રમાણે સારવારમાં દવા લેવાની સમયમર્યાદા, દર્દીની ભૂતકાળની સારવાર, દવાની આડઅસર, દર્દીની ઉમર-વજનમાં અનુકુળ દવાનું પ્રમાણ વગેરે અનેક બાબતો ચકાસી સચોટ દવાનું વિતરણ કરી શકશે. દવા વિષે સંકળાયેલ બીજી કોઈ પણ શાખાના તજજ્ઞ જેવા કે આયુર્વેદ, હોમિયોપેથીના તજજ્ઞો મોડર્ન એલોપેથીની દવાઓનું રીટેલ વિતરણ કરી શકશે નહી. સ્ટેટ ફાર્મસી કાઉન્સિલના ઈન્સ્પેક્ટર કોઈપણ દવાના વિતરણ સ્થળે ઈન્સ્પેક્શન કરી ગેરરીતી બાબતે રિપોર્ટ કરી શકશે.

ગરમીના લીધે મોટાભાગની શાળાઓનો સમય બદલાયો

અમદાવાદ, તા.૮

રાજયની પ્રાથમિક માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં આજથી નવા શૈક્ષણિક વર્ષના પ્રારંભ થયો છે. જો કે રાજયમાં ગરમીના પ્રકોપને લીધે શાળાઓએ શરૂઆતમાં સ્કુલનો સમય સવારનો જ રાખવાનું નક્કી કરવામાં આવ્યું છે. અમુક સ્કુલોમાં પોતાની રીતે વેકેશન લંબાવ્યું છે પરંતુ મોટાભાગની સ્કુલોમાં આજથી જ નવા શૈક્ષણિક વર્ષનો પ્રારંભ થઈ ચુક્યો છે જો કે શાળાઓમાં વિદ્યાર્થીઓની હાજરી નોધ્યાબાદ આજે રજા આપી દેવામાં આવી હતી.

કે.કે. પટેલ વિદ્યાલય કોલવડાનું એસ.એસ.સી.નું પરિણામ ૭૫ ટકા

કોલવડા, તા.૮

કે.કે. પટેલ વિદ્યાલય કોલવડાનું માર્ચ ૧૫નું એસ.એસ.સી. ધોરણ-૧૦ની પરીક્ષાનું પરિણામ ૭૫ ટકા આવેલ છે. ૧૪૬ વિદ્યાર્થીઓમાંથી ૧૦૯ વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થયેલ છે. શાળામાં પ્રથમ પંચાલ પ્રિયંકાબેન અશ્વીનભાઈ પર્સન્ટાઈલ રેન્ક ૯૬.૯૭ તથા ૭૯ ટકા સાથે સફળતા મેળવેલ છે.

શાળાના સામાન્ય પ્રવાહનું પરિણામ ૪૭ ટકા આવેલ છે. પ્રથમ નંબરે વાઘેલા પાયલબેન રાજેન્દ્રસિંહ ૯૫.૪૩ પર્સન્ટાઈલ રેન્કથી ૭૩ ટકા મેળવી સફળતા મેળવેલ છે. આચાર્ય શ્રીમતી ભાવનાબા એ. વાઘેલાએ શાળા પરિવારે સફળતા મેળવનાર વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

પંચાલ સમાજનું ગૌરવ

ગાંધીનગર, તા. ૮

શહેરની શેઠ સી.એમ. હાઈસ્કૂલમાં ધોરણ-૧૨ વિજ્ઞાન

પ્રવાહમાં અભ્યાસ કરતી કુ. નિરાલી પંચાલે શાળામાં ટોપટેનમાં સ્થાન મેળવ્યું છે. નિરાલી સેક્ટર-૩માં રહેતા રાકેશભાઈ પંચાલની દિકરી છે. ત્યારે નિરાલી શાળામાં ટોપટેનમાં આવી શાળા અને સમાજનું ગૌરવ વધાર્યું છે.

વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા. ૮

નગરની હરિયાળીને જાળવી રાખવા અને વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે જેસીઆઈ ગાંધીનગર દ્વારા સેક્ટર-૨૯ પ્રાથમિક શાળા નંબર-૨ ખાતે વૃક્ષારોપણ કરી ઉજવણી કરવામાં આવી હતી. નાગરિકો અને બાળકોમાં પર્યાવરણ પ્રત્યે જાગૃતિ આવે તે માટે ઉજવણી કરવામાં આવી હતી. તેમજ શાળાના કંપાઉન્ડમાં સીતાફળ, જાંબુ, તુલસી, લીમડો સહિતના રોપા રોપવામાં આવ્યા હતા. વન અને પર્યાવરણ થકીજ આપણું જીવન ઉજ્જવળ છે. તેવો સંદેશ આપવામાં આવ્યો હતો.

હરિની દૃષ્ટિ...

બાબા મોર્ડન છે રોટલા ખાવાનું નથી કહેતા... નૂડલ્સ તો ખાવ જ... હું બનાવું ટોકસીક વગરના... !

આજે ગાંધીનગરમાં ભવ્ય કવિ સંમેલન યોજાશે

ગાંધીનગર, તા. ૮

ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા આજે રાત્રે ૮.૩૦ કલાકે ચ-પના સર્કલ પાસે, સેક્ટર-૧૭ સ્થિત સ્ટાફ ટ્રેનિંગ કોલેજના હોલમાં એક ભવ્ય કવિ સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ અને જાણીતા સર્જક-કવિ ભાગ્યેશ જહા, કવિશ્રી દલપત પઢિયાર, પ્રવીણ ગઢવી, ડૉ. કનૈયાલાલ ભટ્ટ, રજનીકાન્ત સથવારા, ફિલિપ કલાર્ક, પ્રજ્ઞા પટેલ, ધ્વનિલ પારેખ, કિશોર જીકાદરા, ડૉ. મુકેશ જોશી, ભરત કવિ, નટવર હેડાઉ તથા ડૉ. ધૈવત શુકલ પોતાના સ્વરચિત કાવ્યોથી ભાવકોના હૃદય સુધી પહોંચવાના પ્રયત્નો કરશે.

આ કવિ સંમેલનની શ્રેષ્ઠતા એ છે આજે આ કવિ સંમેલનમાં ગુજરાતી ભાષાના જાણીતા અને પ્રિય કવિ શ્રી માધવ રામાનુજ મુખ્ય અતિથિ કવિ તરીકે ઉપસ્થિત રહી પોતાની રચનાઓ રજુ કરી જીવનમાં સંવેદનાઓ કેટલી જરૂરી છે એની સર્વને પ્રતીતિ પણ કરાવશે. સંચાલન નિસર્ગ આહિર પોતાના લોકશૈલીમાં કરશે. સાહિત્ય સભાના સભ્યો તેમજ કાવ્ય પ્રેમીઓને ઉપસ્થિત રહેવા આમંત્રણ પાઠવ્યું છે.

પ્રવેશ અંગે પુરતી માહિતીનાં અભાવે વિદ્યાર્થીઓ પરેશાન

ધોરણ-૧૨ના વિવિધ પરિણામો જાહેર કરી દેવામાં આવ્યા છે. ત્યારે હવે ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન બીકોમ, બીએસસી, બીબીએ, બીસીએ સહિતનો અભ્યાસક્રમ ચલાવતી કોલેજોમાં પ્રવેશમ મેળવવા માટે વિદ્યાર્થીઓનો ભારે ધસારો જોવા મળી રહ્યો છે. આ વર્ષે ગુજરાત યુનિવર્સિટી દ્વારા સેન્ટ્રલાઈઝ ઓનલાઈન પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે જો કે આ અંગે માહીતી આપવા યુનિવર્સિટી દ્વારા શરૂ કરવામાં આવેલ હેલ્પ સેન્ટરમાં માત્ર બે કર્મચારીઓ દરજ બજાવતા હોવાની વિદ્યાર્થીઓને હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. પરીણામે અનેક વિદ્યાર્થીઓ માહિતી મેળવવા ગુજરાત યુનિવર્સિટીનાં ઈન્ફર્મેશન સેન્ટરના ધક્કા ખાવા પડી રહ્યા છે. પ્રાપ્ત થતી માહીતી મુજબ ગુજરાત યુનિવર્સિટી દ્વારા ચાલુ વષે સેન્ટ્રલાઈજ પ્રવેશ પધ્ધતી શરૂ અમલી બનાવવામાં આવી છે જો કે આ પ્રવેશ પધ્ધતી અંગે પુરતી માહીતાના અભાવે અનેક વિદ્યાર્થીઓ મુઝવણ ભરી પરિસ્થિતીમાં મુકાઈ ગયા છે. આ અંગે માહીતી આપવા યુનિવર્સિટી દ્વારા શરૂ કરવામાં આવેલ હેલ્થ સેન્ટરમાં માત્ર બે કર્મચારીઓ દરજ બજાવતા હોવાની વિદ્યાર્થીઓને હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. પરીણામે અનેક વિદ્યાર્થીઓ માહિતી મેળવવા ગુજરાત યુનિવર્સિટીનાં ઈન્ફર્મેશન સેન્ટરના ધક્કા ખાવા પડી રહ્યા છે. ખાસ કરીને બહાર ગામથી ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કોલેજની પ્રક્રિયામાં પડી રહેલી સમસ્યાઓનાં નિરાકરણ માટે પ્રતિ વર્ષ અનેક વિદ્યાર્થીઓની ગુજરાત યુનિવર્સિટીના કેમ્પસમાં ભીંડ એકત્ર થતી હોય છે. સાથે જ કોલેજોમાં પ્રવેશ લેવા કે અન્ય કારણોસર વિદ્યાર્થીઓ ઈન્ફર્મેશન સેન્ટરની મુલાકાત લેતા હોય છે. ત્યારે હાલ ગુજરાત યુનિવર્સિટીએ અનેક વિદ્યાર્થીઓની સરખામણીએ માત્ર બે કર્મચારીથી કામ ચલાવવું પડી રહ્યું છે. વિદ્યાર્થીઓના પ્રશ્નોના નિરાકરણ લાવવા તે કહેવાતા વિદ્યાર્થી નેતાઓની ફરજમાં આવે છે. તેમ છતાં એક પણ કાર્યકર દ્વારા વિદ્યાર્થીઓને મદદ કરવાના પ્રયાસ હાથ ધરવામાં આવ્યા નથી.

માનવજીવનમાં અમુક સંબંધ લીમડા સમાન કડવા છતાં ગુણકારી હોય છે જે વ્યક્તિને માર્ગથી ભ્રમિત કે ચલિક થતાં અટકાવે છે

મનુષ્યના જન્મથી લઇને તેના મૃત્યુ સુધીની તેની જીવનયાત્રાના પ્રવાહમાં તે કેટલાય સંબંધોમાં બંધાય છે. કેટલીય વ્યક્તિઓના સંપર્કમાં આવે છે! મિત્રવર્તુળ, સગાસંબંધીઓ, કુટુંબ, ઓફિસના સહકર્મચારીઓ, ગાર્ડનમાં વોક કરતી વખતે બનેલું ખાસ મિત્રમંડળ એવા કેટલાય સંબંધોના તાંતણે તેનું જીવન ગુંથાય છે! કોઇની જોડે અત્યંત નજીકનો સંબંધ તો કોઇની જોડે માત્ર ઔપચારિક સંબંધ, કોઇના માટે જીવ આપી દેવા તત્પર હોઇએ એ પ્રકારનો સંબંધ તો કોઇને જોઇને માત્ર હોઠ પર એક સ્મિત આવે એટલી જ ઓળખ! કોઇના ખોળામાં માથું રાખીને મનભરીને રડી શકાય એવો હૂંફાળો સંબંધ તો કોઇની સામે આંસુને પણ પી જવા પડે તેવો સંબંધ! અને આ તો વ્યક્તિઓના એકબીજા સાથેના સંબંધોની વાત થઇ આ ઉપરાંત વ્યક્તિનો ઇશ્વર સાથેનો સંબંધ : તેની દિવ્યતા કે અલૌકિક આત્મીયતાનો અહેસાસ કંઇક નિરાળો જ હોય! અને આ ઉપરાંત આપણો આપણા ઘર સાથેનો સંબંધ, બગીચાના કોઇ ખાસ; ગમતા ફૂલના છોડ સાથોનો સંબંધ, તુલસીક્યારા સાથેનો સંબંધ, ઘરની બાલ્કનીમાંથી રોજ રાત્રે વિચારોના વમળોમાં ખોવાયેલા આપણે જે આકાશને નિહાળીએ છીએ તે આકાશના એક ટુકડા સાથેનો આપણો સંબંધ! આવા કેટકેટલા સંબંધોના તાંતણે આપણે આ સુંદર જીવનને સજાવ્યું છે! કારણ કે માણસ એ સંવેદનાઓથી ભરપૂર છે. કવિશ્રી હસિત બૂચ લખે છે તેમ,

"લોકનું તો ભઇ, એવું!
એક ઘડી એ કબૂતરાં
ને ઘડી અન્ય એ સાવજ;
મીણ સમાણાં પોચાં આ પળ,
પળ બીજી એ વજ્જર;
ચિપાઇ જાતાં અંગૂઠે,
ને ઊંચકે દુનિયા અદ્ધર!"

પણ સંબંધોની આ માયાજાળમાં અમુક સંબંધ પારસમણિ સમાન હોય છે. કહે છે કે પારસમણિ જેને અડકે તે વસ્તુ સોનાની થઇ જાય. જો કે ખરો પારસમણિ આપણા અંતરમાં રહેલો છે. આપણી પોતાની અંદર જ એવી કોઇક વસ્તુ રહેલી છે કે જેના સંબંધમાં આપણે આવીએ, તો આપણી જિંદગી બદલાઇ જાય; આપણે પોતે જેવા હોઇએ તે મટી જઇને જુદા જ બની જઇએ. જો કે, આ માટેનો સમય દરેકના જીવનમાં પરિપક્વતા અને સમજણની ચરમસીમાએ પહોંચે ત્યારે જ આવે છે! ત્યાં સુધી વ્યક્તિ અંધારામાં ફાંફા મારવા જેવું નિરર્થક જીવન જ જીવ્યા કરે છે. પોતાની અંદર રહેલો આ પારસમણિ જયારે ઘણાને હાથ ન જ લાગે ત્યારે એમાંના કેટલાક કોઇ ગુરુમાં કે મહાપુરુષમાં તેને પામે છે, તેવા દિવ્ય અને અલૌકિક પારસથી તેમનું જીવન બદલાઇ જાય છે. આ બધામાં ભગવાન એટલે કે ઇશ્વર એ એક એવા પારસમણિ છે કે, જો કોઇ એને અડકે - કે તેને અડકવાનો શુભ વિચાર કરે - તો એવા માણસમાં ફેરફારો થવા લાગે છે અને આખરે માણસ પોતે એ અસલ પારસમણિ જેવો જ બની જાય છે! જો કે, આ અવસ્થાને પામવા મનુષ્યે ઘણા પ્રયત્નો કરવા પડે છે. આપણે સૌ જાણીએ જ છીએ કે સાવ મામૂલી ગણાતો કોલસો જયારે જમીનમાં ખૂબ ઊંડે દટાઇ જાય અને તેના ઉપર પાવાગઢ પર્વત જેટલું વજન પડે તો એ જ કોલસો હીરો બની જાય! ફ્રાંસના એક રસાયણશાસ્ત્રી લાવોઝીરે કોલસાની ભૂકી લઇને ખૂબ ગરમ ધાતુમાં નાખીને પછી એકદમ તેના ઉપર યંત્રો વડે ભારે દબાણ કર્યું જેના પરિણામે હીરાની નાની નાની કણીઓ બંધાઇ ગઇ! જે પ્રમાણે કોલસામાં આવો ફેરફાર થઇ શકે છે, તેમ જીવતાં પ્રાણીમાં પણ કેટલીકવાર એવો ફેરફાર થતો જોવા મળે છે. જમીન પર પેટ ઘસીને ચાલતી ઇયળની એક જાત એવી થાય છે કે એની આજુબાજુ માટીનું પડ કરીને અંદર તેને પૂરી રાખવામાં આવે છે. એ કેદખાનાની અંદર ને અંદર એનો વિકાસ થાય છે, અને ધીમે ધીમે એને પાંખો ફૂટે છે. ત્યાર પછી માટીના પડને તોડીને તે બહાર નીકળી પડી જાય છે; એ પતંગિયું બની જાય છે! જમીન પર પેટ ઘસડતી ઇયળ, અને હવામાં છૂટથી ઊડતું પતંગિયું : એ બેમાં કેટલો ફેર છે! પણ ઇયળમાંથી પતંગિયું બની જાય છે.

કોલસાનું ઉદાહરણ લઇએ કે ઇયળનું મૂળભૂત બાબત એ છે કે તેના પર ભારે દબાણ આવે ત્યારે તેનું સ્વરુપ કંઇક અદ્‌ભૂત રીતે વિકસે છે. ધોરણ-૧૦ અને ૧૨ના પરિણામો જોઇએ ત્યારે આપણે ઘણીવાર એવા કિસ્સાઓ જોયા, સાંભળ્યા અને વાંચ્યા છે કે અનેક તકલીફો, મુશ્કેલીઓ અને સંઘર્ષો વચ્ચે વિદ્યાર્થીઓ અસાધારણ સિદ્ધિઓ હાંસલ કરે છે, એટલે કે અનેક અગવડોને પાર કરીને તેમનામાં રહેલું પારસ ઝળકી ઊઠે છે, ખીલી ઊઠે છે. આ પ્રકારની અવસ્થા જો કે શાળાજીવન દરમિયાન જ પ્રાપ્ત થાય એવું જરુરી નથી. ઉંમરના કોઇ પણ તબક્કે આપણે સતત પ્રયત્નશીલ રહીએ તો પારસમણિ સમાન એકાદ સંબંધ તો આપણને મળી જ આવે છે. જેના સ્પર્શમાત્રથી આપણું સમગ્ર અસ્તિત્વ, વ્યક્તિત્વ સોળે કળાએ ખીલી ઊઠે છે. જો કે, આ શ્રેષ્ઠ તબક્કા સુધી પહોંચવામાં કેટલાય આંસુ અને કેટલીય તકલીફોનો સામનો કરવો પડે છે. કવિ ભગવતીકુમાર શર્મા લખે છે તેમ,

"ડૂબકી દરિયે દીધા વગર
મોતી આવે નહીં જળ ઉપર;
આખું ભીતર વલોવાય
તો અશ્રુ આવે છે પાંપણ સુધી"

માનવજીવનમાં અમુક સંબંધ લીમડા સમાન કડવા છતાં ગુણકારી હોય છે જે વ્યક્તિને માર્ગથી ભ્રમિત કે ચલિક થતાં અટકાવે છે. આજનો સમાજ વધુ દંભી બન્યો છે અને એકબીજાને સાચી સલાહ કે યોગ્ય રાહ ચીંધવાનો સમય હવે રહ્યો નથી. એકબીજાના મિત્રો હોવાનો દંભ કરતા વ્યક્તિઓ પણ સાચી સલાહ આપતાં અચકાય છે. 'Who Care's' જેવો attitude સર્વવ્યાપી બન્યો છે. વ્યક્તિએ જાતે જ સારા-નરસાનું ધ્યાન રાખવું આવશ્યક બન્યું છે જો કે, કારણ આપણામાં રહેલી ધીરજ અને સહનશક્તિ ઘટી હોવાનું તેમજ કોઇનું સાંભળવાની વૃત્તિ ક્ષીણ થઇ રહી હોવાનું જ છે! બધાને પોતાની જ રજૂઆત કરવી છે, અન્યને સાંભળવાની કે સમજવાની પરવા કોઇ કરતું નથી. 'ન બોલ્યામાં નવ ગુણ' જેવી કહેવતને ભૂલાવીને હવે 'બોલે એના બોર વેચાય' એ કહેવતનો વ્યાપ અને વિસ્તાર વધ્યો છે! કવિશ્રી કરસનદાસ માણેક લખે છે તેમ,

"જયાં દૃષ્ટિ પડે ત્યાં દારૂણ દવ,
ને કાન પડે ત્યાં કોલાહલ :
અફસોસ, તમારી ધાંધલમાં
એક સપનું મુજ ખોવાઇ ગયું !...
અમૃત તો હાથે ન્હોતું ચઢ્યું,
પણ નીર હતું નિર્મળ થોડું :
દુર્ભાગ્ય જુઓ, રે તેય હલાહલ
સંગાથે ઘોળાઇ ગયુ !..."

આપણી સંસ્કૃતિનો સંપૂર્ણ સાર મૈત્રી, મુદિતા, કરૂણા અને ઉપેક્ષા એવા ચાર આર્ય સદ્‌ગુણોમાં આવી જાય છે તેમ તત્ત્વચિંતક શ્રી કાકા કાલેલકર લખે છે. આજના આ ટેકનોલોજીના યુગમાં સૌથી વધુ અગત્યની બાબત તો એ છે કે સૌની સાથે મૈત્રીપૂર્ણ વ્યવહાર એટલે કે સદ્‌ભાવ હોવો; અન્યની સુસ્થિતિ જોઇ આનંદિત રહેવું એ મુદિતા; દુઃખી હોય તેના પ્રત્યે કરૂણા અને દુષ્ટો પ્રત્યે ઉપેક્ષા : અને દુષ્ટો વિશેની ઉપેક્ષામાં પણ હવે આપણે ફેરફાર કરવો પડશે! દુષ્ટો અને દુષ્ટ વિચારોનો નાશ થાય તે માટે સતત પ્રયત્નશીલ બનવું પડશે! અને આ માટે પ્રેમ અને કરૂણા જેવા સદ્‌ગુણોને વિકસાવવા પડશે! તોજ આ સૃષ્ટિરુપી સુંદર બાગમાં વિવિધ પ્રકારના સુગંધિત તેમજ વૈવિધ્યપૂર્ણ સુંદર પુષ્પો મહેંકી ઊઠશે!